# મહેસાણા જિલ્લાના પ્રાચીન તળાવો અને કુંડ

ચૌહાણ અસ્મિતાબેન નટવરલાલ, PhD. Student, H.N.G.Uni. Patan

જળને જેણે જીવનનું નામ આપ્યું છે તેને સત્ સત્ વંદન. જળ જ્યાં વહે ત્યાં શીતળતા બક્ષે છે. જળ વગર ન વનસ્પતિ કે ન પશુ-પક્ષી જીવી શકે. પછી એ બંનેનો આશ્રિત એવો મનુષ્ય જળ વગર નભી જ શી રીતે શકે?

જળાશયોને સપાટી પરનાં જળાશયો અને ભૂગર્ભમાંના જળાશયો એવા બે વિભાગમાં વહેંચી શકાય. તળાવ,નદી, સરોવર વગેરે સપાટી પરની જળસંપત્તિ છે, જ્યારે વાવ, કૂવા, કુંડએ ભૂગર્ભ જળસંપત્તિ કહી શકાય.[૧]

અપરાજિત પૃચ્છા નામના ગ્રંથમાં તળાવના છ પ્રકાર બતાવ્યા છે. સરોવર, મહાસરોવર, ભદ્રક, સુભદ્રક, પરિઘ અને યુગ્મ પરિઘ. આકારની દ્રષ્ટિએ અર્ધચંદ્રાકારને સરોવર, વૃતાકારને મહાસરોવર, ચાર ખુણાવાળુ ભદ્રક અને ભદ્રની બહાર ભદ્રક કે સુભદ્રક કહેવાય છે.[૨]

## તળાવો

### થોળ તળાવ : કડી તાલુકો

થોળ તળાવનો ઉદભવ સને ૧૯૧૨ માં ગાયકવાડ રાજ્યના અમલ દરમ્યાન થયો હતો. તે સમયમાં વરસાદના પાણીને વહી જતુ અટકાવવા તથા પૂરતી પરિસ્થિતિને ખાળવા એક માટીના પાળો બનાવવામાં આવ્યાં હતા. આ બંધપાળાના કારણે આપણે આજે જે થોળનુ તળાવ જોઇએ છીએ તે અસ્તિત્વમાં આવ્યું. ભારત સરકાર દ્વારા ગુજરાતના અગત્યના સાત જલપ્લાવિત ક્ષેટોમાં થોળનો સમાવેશ કરવામાં આવેલ છે.[3]

**શર્મિષ્ઠા તળાવ : વડનગર તાલુકો**

આ તળાવનો ઇતિહાસ પૌરાણિક રીતે મહાભારતના સમય પહેલા અને ઐતિહાસિક રીતે દસમા સૈકાના ઉતરાર્ધનો ગણી શકાય.

વડનગર આજુબાજુ અનેક તીર્થો આવેલા છે. જેની આખ્યાયિકાઓ નાગરખંડમાંથી મળે છે. અબુલ ફઝલ આઇને અકબરીમાં જણાવે છે કે આ શહેરમાં નાના મોટા ૩૦૦ મંદિરો અને સેંકડો તળાવો હતા.

વડનગરમાં ૭૫ તળાવોમાં સૌથી વધુ પ્રસિદ્ધ શહેરના મધ્યભાગે આવેલુ શર્મિષ્ઠા તળાવ છે. સ્થાનિક બોલીમાં એ સામેળા તળાવ છે. આ તળાવનું નામ શર્મિષ્ઠા તળાવ શાથી પડ્યુ? તે માટે નાગરખંડમાં એક આખ્યાયિક આપવામાં આવેલી છે તે કથા અનુસાર વૃક રાજાની કન્યા શર્મિષ્ઠાએ પાર્વતીજીને તપશ્ચર્યા કરીને પ્રસન્ન કર્યા હતા. પાર્વતીના વરદાનથી તે મુક્ત થઇ અને તેના નામ પરથી આ તળાવ શર્મિષ્ઠા તળાવના નામથી પ્રસિદ્ધ થયું.

પથ્થરની દિવાલો અને ત્રણસો સાત પગથિયાવાળા આ તળાવની મધ્યમાં બકસ્થળ, પાકા આરા-ઓવારા અને કિનારા ઉપર થોડાક મંદિરો આવેલા છે. આ તળાવની ઉત્તર-દક્ષિણ અને પશ્ચિમ હદ શહેરને અડે છે. આ તળાવની ફરતે લક્ષ્મીનારાયણનો આરો, કૃષ્ણ આરો, પટવા આરો , ચોપડા આરો જેવા શહેરની વિવિધ જાતી સમૂહોના નામે ઓવારાઓ આવેલા છે. આ તળાવ કેટલું પૌરાણિક છે તેના નક્કર પુરાવા મળતા નથી, તથા પૌરાણિક ગ્રંથોમાં સામેળા તળાવ તરીકે અનેક જગ્યાએ ઉલ્લેખ થાય છે.[૪]

**વિસનગરના તળાવો :**

વિસનગરમાં ગુજરાતના બીજા ભાગોની જેમ પાણીના વોહને આડબંધ બાંધીને તેની મદદથી તળાવ બાનાવવાની પ્રક્રિયા દેખાય છે. એ પધ્ધતિએ અહીંના દેળીયા, પિંડારિયા, મધોક અને મલાવ તળાવો તૈયાર થયા છે.

**દેળીયા તળાવ :**

આ તળાવ આશરે ૮૪ વિઘાનું છે. તેનો ઘેરાવો આશરે ૫૦૦૦ ફૂટ એટલે કે એક માઇલનો છે. તે આશરે ૨૦ ફૂટ જેટલું ઊંડુ છે. જ્યારે આ તળાવમાં પાણી હોય ત્યારે તેની આજુબાજુમાં રહેલા કૂવાઓમાં પાણી રહે છે. આ તળાવ પાલડીનો વોહ અને બિલાડીનો વોહ બાંધીને તૈયાર કરાયું છે. આ તળાવની પાળ માત્ર માટીની છે. તેની દક્ષિણ દિશાની પાળ વધારે પહોળી, ઊંચી તથા મજબૂત છે. પશ્ચિમની પાળ ઉપર જીર્ણોધ્ધાર થયાના નિશાનો છે. તેની પૂર્વ તરફ આ સદીમાં ઇ.સ. ૧૯૧૫ માં ગંગાઘાટ, ૧૯૨૪ માં જમનાઘાટ, ૧૯૧૮ માં મથુરાઘાટ અને શંકરઘાટ, ૧૯૨૪ માં મણિકર્ણિકાઘાટ અને પરસનઘાટ બાંધવામાં આવ્યા છે.[૫]

**પિંડારિયુ તળાવ :**

આ તળાવ ઘણું પ્રાચીન માનવામાં આવે છે ત્યાં પાંડવોએ તેમના પિતા પાંડુરાજાનું પિંડશ્રાધ્ધ સરાવેલું છે તેથી તે તળાવને પિંડારિયુ તળાવ કહેવા લાગ્યા. આ તળાવ પર સપ્તર્ષિ આરો છે. આ સપ્તર્ષિ આરાના શિલ્પો ૧૭મી સદીના છે. માત્ર એમાં એક જૂનું કિચકનું શિલ્પ છે તેની પરના પુરાવસ્તુના અવશેષો પરથી માનવામાં આવે છે કે તે દેળિયા તળાવ કરતાં પાછળના સમયમાં અસ્તિત્વમાં આવ્યું હશે.[૬]

**મઘેક તળાવ :**

આ તળાવમાં બારેમાસ ચાલે તેટલું પાણી સારી રીતે સમાય છે. તળાવમાં પાણીની આવક ઘણી સારી છે.

**દેપલ તળાવ :**

કડા દરવાજાથી અગ્નિખૂણામાં જરા થોડે દૂર જળેશ્વર જતા ડાભા હાથે આવેલું છે. આ તળાવ વિસ્તારમાં દેખાય છે પરંતુ તે છીછરુ થાળી જેવુ બનેલું હોવાથી પાણી વધારે સમાતું નથી.[૭]

**ગુંજાનુ પ્રાચીન તળાવ** :

ગુંજા ગામ વિસનગરની ઉત્તર – પૂર્વે અને વડનગરથી દક્ષિણ- પશ્ચિમે બંને નગરોથી ૫ કી.મી. ના અંતરે આવેલું છે.

આ તળાવનો પશ્ચિમ દિશાનો પ્રાંતભાગ પથ્થરના ઘાટ અને પગથિયાંથી અલંકૃત છે. પશ્ચિમે આવેલા પગથિયાં અને ઘાટને અડીને પથ્થરના બાંધેલા પુલ વડે તળાવની મધ્યસ્થળે આવેલ બકસ્થળ પર જઇ શકાય છે. આ બકસ્થળ ઉપર પ્રાચીન મંદિરનો કેટલોક ભાગ અવશેષરૂપે જળવાઇ રહ્યો છે. વળી, તળાવના પગથિયાં સલંગ્ન પુલને એક અલગ પથ્થરની સીડી પર છે, જે દ્વારા નીચલા માળ પર પહોંચવાની વ્યવસ્થા છે. પથ્થરનો પુલ બંન્ને બાજુએ લગભગ બબ્બે મીટરના અંતરે આવેલા ૧૨-૧૨ સ્તંભો પર ટેકવાયેલો છે. જમીનથી ૨ મીટર ઊંચાઇ સુધીનો આ પુલનો જે ભાગ ખુલ્લો દેખાય છે તે પુલનો ઉપલો માળ છે અને નીચલા માળના અવશેષો દટાયેલા નજરે પડે છે.[૮]

**ચીમનાબાઇ તળાવ (કાદરપુર)**

ચીમનાબાઇ તળાવ મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના કાદરપુર ગામની નજીક રૂપેણ નદીની શરૂઆતના ભાગમાં આવેલ છે. જે સને ૧૯૦૫ માં ભૂતપૂર્વ ગાયકવાડ રાજ્ય વખતે આ પ્રથમ વર્ગનું સિંચાઇ તળાવ બાંધવામાં આવેલ છે.[૯]

**ગામ તળાવ (બલોલ)** :

આ તળાવમાં કુલ છ આરા આવેલા છે અને તળાવની ઉપર કુલ ત્રણ મંદિર આવેલા છે. આ તળાવ ગાયકવાડ સરકારના હસ્તકે ખોદાયેલ છે.આ તળાવની કાંઠાની અંદર એક હવાડો અને એક કૂવો પણ છે.[૧૦]

**<u>કુંડ</u>**

કુંડ શબ્દના અનેક અર્થો થાય છે. (૧) કુંડી- નાનો હવાડો (૨) જમીન ખોદી હોય, યજ્ઞ વગેરેનો અગ્નિ રાખવા માટે ચોરસ, ગોળાકાર અને ષટ્કોણ આકારનો બાંધેલો ખાડો (૩) ભોંયરામાંથી નીકળતો ઊંડો ઝારો, પગથિયાંવાળો કૂવો. આ

પ્રકારના કુંડ ખુલ્લા હોય છે અને તેમાં કૂવાની ચારેબાજુ પગથિયાંવાળા ઓવારા બાંધેલા હોય છે.[૧૧]

**શક્તિ કુંડ - આખજ :**

આખજ (જી. મહેસાણા) ગામથી થોડે દૂર શિવમંદિરની બાજુમાં એક પ્રાચીન કુંડ આવેલો છે. આ કુંડમાં દેવી પ્રતિમાઓ વિશેષ પ્રમાણમાં હોવાથી શક્તિકુંડ તરીકે ઓળખાય છે. આ કુંડ ભદ્રક પ્રકારનો છે. કુંડને કાંઠાથી આવૃત કરેલ છે. કુંડના તળીયા સુધી પહોંચવા માટે પાંચ જેટલી અર્ધપટ્ટશાળાઓ બાંધવામાં આવી છે. આ કુંડ દસમી સદીના ઉત્તરાર્ધમાં બનેલો હોવાનું મનાય છે.[૧૨]

**અજયપાલ ગૌરી કુંડ – વડનગર**

અજયપાલ મહાદેવના મંદિર પાસે આ કુંડ આવેલો છે. પ્રાચીન કુંડોમાં વડનગરના આ ગૌરીકુંડનું સ્થાન પણ મહત્વનું છે. કુંડની ચારેબાજુના પથ્થરોમાં અનેક પૌરાણિક મૂર્તિઓ કોતરેલી છે. નાગરખંડમાં ગૌરીતીર્થનું મહત્વ આપેલું છે. કુંડના પાતાળમાં ગંગાજીનું પાણી આવે છે એવી લોકમાન્યતા છે. આ કુંડ નંદાખ્ય શ્રેણીનો એટલે કે લંબચોરસ ઘાટનો છે અને તેમાં ચારેબાજુએથી ઉતરવાના પગથિયાં અને વચ્ચે પગથારની રચના કરેલી છે.પગથારની દીવાલોમાં અનેક વિવિધ સુંદર અને કલાત્મક મૂર્તિ શિલ્પો મુકેલા છે. કુંડની રચના જોતા એમ લાગે છે કે કુંડના સમારકામ વખતે પ્રાચીન નગરના અસ્તવ્યસ્ત પડેલા શિલ્પોનો આ સ્થળે લાવીને ઉપયોગ થયો છે. શિલ્પોનું અચોક્કસ માપ અને ગોઠવણી ઉપરના અનુમાનને ટેકો આપે છે. આ ગોઠવણી કુંડના ભાગના બે પગથારની ભીંતોમાં વહેંચાય જાય છે.

પૂર્વ દિશાના ઉપલા પગથારની ભીંતોમાં પાંચ તથા નીચલા પગથારની ભીંતોમાં છ શિલ્પો મળી પૂર્વ દિશા કુલ ૧૧ શિલ્પો છે.

પશ્ચિમે બંને પગથારની ભીંતો પર અનુક્રમે ૧૦ તથા ૭ મળી કુલ ૧૭, દક્ષિણના બંને પગથારની ભીંતો ૫ તથા ૭ મળી કુલ ૧૨ મળી અને ઉત્તરે બંને

પગથારની ભીંતો અનુક્રમે ૭ તથા ૭ શિલ્પો આવેલા છે. આ કુંડ સોલંકીકાળ દરમ્યાન બંધાયો હોય તેવું મનાય છે.[૧૩]

**લોટેશ્વર કુંડ – મહેસાણા** :

મહેસાણા જિલ્લાના મુંજપુર પાસે લોટેશ્વર કુંડ આવેલો છે. રચના પરત્વે એ ચાર અર્ધવર્તુળાકારને એના મધ્યભાગે કૂવો છે જે સમચોરસ છે.[૧૪]

**મોઢેરાનો કુંડ** :

ગુજરાતના સોલંકી સમયના પ્રસિધ્ધ કુંડોમાં મોઢેરાના સૂર્યમંદિરની આગળ આવેલા કુંડ એની સ્થાપત્યકીય રચના પરત્વે નંદાખ્ય શ્રેણીના સઘળા લક્ષણ ધરાવે છે. સૂર્યમંદિર સાથે આ કુંડ જોડાયેલો છે. કુંડ લંબચોરસ ઘાટનો છે. સમગ્ર કુંડ અને તેની આસપાસ જમીનનો કેટલોક ભાગ પથ્થર વડે આચ્છાદિત કરેલો છે. થોડાક પગથિયાં ઊતર્યા પછી વિસ્તૃત પડથાર આવે છે. સૂર્યમંદિરની આગળ કુંડમાં ઊતરવાનો મુખ્ય ઘાટ આવેલો છે એ પછી ફરી પગથિયાં અને પડથાર એ ક્રમ કુંડની ચારેબાજુએ ફરી વળે છે.

પગથિયાં અને પડથારની દીવાલ પરના ગવાક્ષોમાં અનેક દેવીદેવતાઓનાં શિલ્પ મૂકવામાં આવ્યા છે. કુંડની પૂર્વ તરફ પશ્ચિમાભિમુખ એક નાનકડા મંદિરની રચના કરવામાં આવી છે. એમાં પૂરા માનવકદની વિષ્ણુની મૂર્તિ અદભૂત છે. કુંડના ચાર છેડે આવા નાનાં મંદિરની રચના કરેલી છે જેના વિવિધ શિલ્પો મુકેલા છે.

કુંડના પૂર્વ તરફના બીજા પડથારના બે સ્તંભિકાયુક્ત ગવાક્ષમાં નૃત્યમુદ્રામાં વૈષ્ણવીની પ્રતિમા આવેલી છે. દેવીના જમણા પગ પાસે ગરૂડની આકૃતિ અને ડાબા પગ પાસે શંખની આકૃતિ દ્રષ્ટિગોચર થાય છે.

સૂર્યકુંડના ત્રીજા પડથારમાં પશ્ચિમબાજુનાં એક ગવાક્ષમાં બ્રાહ્મીની પ્રતિમા છે. દેવી લલિતાસનમાં બેઠેલા છે. દેવીને ત્રણ મુખ છે. ત્રણયે મસ્તક પર જય મુકુટ છે. દેવી ચતુર્ભજ છે. આ પ્રતિમા ૧૧મી સદી જેટલી પ્રાચીન જણાય છે.

સૂર્યકુંડના પ્રથમ પડથારના પશ્ચિમબાજુનાં એક ગવાક્ષમાં ઍન્દ્રીની પ્રતિમા આવેલી છે. અહી દેવી ત્રિભંગમાં ઊભેલ છે. મસ્તકની બંન્નેબાજુએ મકરમુખનું આલેખન નોંધપાત્ર છે.

કુંડના બીજા પડથારના ઉત્તર તરફના ગવાક્ષમાં ઍન્દ્રીની ષડ્ભૂજ પ્રતિમા આવેલી છે. દેવીના મસ્તકે જયમુકુંટ છે. મસ્તકની બંન્ને માલધારો ઉડતા નજરે પડે છે.

ઉપર્યુક્ત ત્રણે પ્રતિમઓ ૧૧મી સદીની છે. કુંડના પ્રથમ પડથારના ઉત્તર તરફના ગવાક્ષમાં ચામુંડાની નૃત પ્રતિમા આવેલી છે. દેવીના મસ્તક અને મુખ ભાગ ઘસાયેલ છે. દેવીના જમણા પગ પાસે સ્ત્રી બેસેલી છે જે વાજિંત્ર વગાડતી જણાય છે.

બીજી પ્રતિમા કુંડના પશ્ચિમ તરફના પ્રથમ પડથારના ગવાક્ષમાં નૃત્યમુદ્રામાં જમણો પગ ઊંચો રાખીને ઊભેલ ચંડી ચામુંડા જોવામાં આવેલી છે. દેવીના ચાર હાથ પૈકી જમણો નીચલો વરદમૃદ્રામાં છે. જ્યારે ઉપલા જમણા હાથમાંનું આયુધ ખંડિત છે. ફક્ત નીચલો દંડ જળવાયો છે.

કુંડના પશ્ચિમબાજુના પડથારના મધ્યભાગમાં સૂર્યની ઊભેલી પ્રતિમા છે. મસ્તકે કંટક મુકુટ અને હાથમાં પૂર્ણ વિકસિત સનાળ પદ્મ ધારણ કરેલા છે.

કુંડના પૂર્વ તરફના પ્રથમ પડથારના મધ્યભાગથી ત્રીજા ગવાક્ષમાં આવેલ હરિહરાર્ક સ્વરૂપની સંયુક્ત પ્રતિમા પણ ૧૦મી સદીની છે.

કુંડના દક્ષિણ-પૂર્વ ખૂણાના ઉત્તર તરફના ગવાક્ષમાં દ્વિભુજ વામનની બ્રહ્મચારી સ્વરૂપની સુંદર મૂર્તિ છે. અહીં ત્રિવિક્રમની પણ પ્રતિમા આવેલી છે.[૧૫]

**જાળેશ્વર મહાદેવનો કુંડ – વિસનગર**

જાળેશ્વર મહાદેવના મંદિર પાસે આ કુંડ આવેલો છે. ભગવાન શિવની પૂજા કરવા માટે આ કુંડ બાંધવામાં આવેલો છે.

આ કુંડના ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમમાં વચ્ચે કુંડમાં જવા માટે ચાર દરવાજા આવેલા છે. કુંડમાં પુર્વ-પશ્ચિમ દરવાજો પ્રથમ પડથારમાં ચાર સવાસવ્ય

સોપાન શ્રેણી છે. કુંડની દીવાલોમાં દેવ-દેવીઓની પ્રતિમાઓ નજરે પડે છે. આ કુંડ આઠસો વર્ષ જુનો મનાય છે.[૧૬]

**ઉપસંહાર:**

ગુજરાતના ભુપૃષ્ઠ પર મહેસાણા જિલ્લો અતિ વ્યુહાત્મક સ્થાન ધરાવે છે. ગુજરાતના વિવિધ ભાગોમાં આવેલા અને જુદા જુદા સમયે બંધાયેલા નામાંકિત તળાવો અને કુંડોના સ્થાપત્ય માટે ગુજરાત ગૌરવ લઇ શકે છે.

તળાવો અને કુંડોના ઉલ્લેખો ગ્રંથોમાં જોવા મળે છે. તેમજ પુરાણોમાં પણ તેના વિશે માહિતી મળે છે. એ સમયના કેટલાક નામાંકિત તળાવો અને કુંડોની જગ્યાએ હાલ જીર્ણોદ્ધાર પામેલ સ્થાપકીય સ્વરૂપે જોવા મળે છે.

**સંદર્ભ સૂચી :**

(૧) રમણલાલ ડી. પાઠક, ‘ ગુજરાતના જળાશયો, વડોદરા, ૧૯૯૭, પૃ. ૧૦૯.
(૨) રામજીભાઇ સાવલિયા, ‘ ગુજરાતના પ્રાચીન સરોવરો, તળાવો અને કુંડો’ ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૦, પૃ. ૨૫.
(૩) નાયબ વનસંરક્ષણ વિભાગ, થોળ.
(૪) રામજીભાઇ સાવલિયા, ઉપર્યુક્ત, પૃ. ૨૬.
(૫) એજન, પૃ.૩૮.
(૬) એજન, પૃ.૪૫.
(૭) મહાસુખભાઇ ચુનીલાલ, ‘વિસનગર અને વડોદરા રાજ્યની હકીકત’ વિસનગર દ્વિતીય આવૃતિ, ૧૯૪૨, પૃ. ૩૪૦.
(૮) રામજીભાઇ સાવલિયા, ઉપર્યુક્ત, પૃ. ૪૮.
(૯) નર્મદા જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ, કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી.
(૧૦) જોષી રાજેશ, ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક, તા : ૧૭/૦૯/૦૯.

(૧૧) રામજીભાઇ સાવલિયા, ઉપર્યુક્ત, પૃ. ૬૭.

(૧૨) એજન, પૃ. ૭૦, ૭૧.

(૧૩) એજન,પૃ. ૭૩ અને ૭૪.

(૧૪) કનૈયાલાલ અમથાલાલ ભોજક, મહેસાણા (પ્રાચીન-અર્વાચીન), ૧૯૫૦, પૃ. ૮૧

(૧૫) રામજીભાઇ સાવલિયા, ઉપર્યુક્ત,પૃ. ૭૫ અને ૭૬.

(૧૬) મનસુખભાઇ ચુનીલાલ, ઉપર્યુક્ત, પૃ. ૩૪૨.

-------- **** --------